ગજબની વરસી ગઈ, લઈને પ્યાર પહેલી નજર,
ચમકતી વીજ હતી, ધારદાર પહેલી નજર.

બધું તણાઈ ગયું, થઈ ગયું બધું ચોખ્ખું,
પડી, તો એમ પડી ધોધમાર પહેલી નજર.

ગઈ બતાવી, ભીતરના ભરેલ ભંડારો,
અભેદ્ય ચીરી ગઈ અંધકાર પહેલી નજર.

હવે ન માંડ઼ઓ જ્યોતિષિ કુંડળી એની,
સમય-સમજ-હૃદયની આરપાર પહેલી નજર.

દરેક શ્વાસે થતું શ્વાસ આખરી છે આ,
દઈ ગઈ છે, અજબ ઇન્તિઝાર પહેલી નજર.

રહી નથી જ ગણતરી કશાયની મિસ્કીન,
કરી ગઈ છે બધુંયે અપાર પહેલી નજર.

◆

અત્યારે તો તું અહીંથી કદી નીકળે નહીં,
સપનાંઓ ભરબપોરે તો સામાં મળે નહીં.

ઓ દિલ સૂરજની જેમ તપે શું વળે અહીં,
આ તો પહાડ પથ્થરોના પીગળે નહીં.

આવેશ ઘડીભરનો હતો પણ અસર જુઓ,
પગ, કોઈ પણ પ્રકારે એ તરફ વળે નહીં.

હૈં એમ આ એકાંતમાં ભોંઠો પડ્યા કરું,
જાણે કે બૂમ પાડું ને તું સાંભળે નહીં.

મિસ્કીન એ જ દાબી દીધેલા છે ઉમળકા,
બીજું તો કોઈ આંસુ બની ઉછળે નહીં.

◆

વરસાદ જેમ તારું ધોધમાર આવવું,
ખૂશ્બુનું મારામાંથી આરપાર આવવું.

જાણી ગયા કે રોકી શકતો કોઈને નથી,
બસ ત્યારથી છે આંસુનું ધરાર આવવું.

આવી ચઢું છું એમ હવે તારા નગરમાં,
ઓસરવા જાણે પૂરનું મારમાર આવવું.

બીજાનો શું હું મારો પણ બની શક્યો નથી,
છોડી દે રોજરોજ ઓ વિચાર આવવું.

હું પણ ગજા બહારનું વરસ્યો છું જીવનમાં,
જાણું છું મેઘ શું છે મૂશળધાર આવવું.

મિસ્કીન ગળથૂથીમાં ગઝલની અસર છે આ,
રજૂઆતમાં રહ્યું છે શાનદાર આવવું.

◆

કમનસીબી ક્યાંકથી પણ મ્હારી આગળ નીકળે,
હોઉં ગંગાકાંઠે પણ ખોબામાં મૃગજળ નીકળે.

એક પણ ડગલું કદી ભરવા ન દીધું છૂટથી,
મ્હેં જ મ્હારા હાથથી બાંધેલ સાંકળ નીકળે.

ખૂબ ઠેકાણે મૂક્યા'તા ને કદી ન્હોતા જડ્યા,
આખરી પળમાં એ ઓશીકેથી કાગળ નીકળે.

જિંદગીનું થઈ ગયું આ કેવું આંબાવાડીયું?
આંખ ખોલીને ભરું પગલાં તો બાવળ નીકળે.

સાચવ્યા સંબંધ જેના નામ પર વર્ષો સુધી,
એ બધું, એવું બધું આ મનની અટકળ નીકળે.

કોઈ શું? આંસુય પણ ક્યાં આવતાં આંખો કને,
એ ય સાચું, આંખ જો ખોલું તો ઝાકળ નીકળે.

◆

ત્હારો છું ફક્ત ત્હારો છું એ ખ્યાલ કરી દે,
આપે ભલે તું ઝેર કિંતુ વ્હાલ કરી દે.

ક્યાં જીદ છે? હૃદયને અબ્બીહાલ કરી દે,
મન થાય ત્યારે નાખી નજર ન્યાલ કરી દે.

આંસુને આંખ સુધી જવા દે સહજ ઓ મન,
આ શું કે લોક જુએ એવા તાલ કરી દે.

ચુસાઈ ગયેલાં છે બધાં હીર ઝૂંપડે,
એ બાળકોના લાલચટક ગાલ કરી દે.

તું તૃપ્ત થા કે તરફડે તો ફેર શું પડે?
કૈં એવું તરસ તરફડી કમાલ કરી દે.

આ લાગણીના નામે રસાયણ જે આંખમાં,
લાગે જે તીર તાતું એય ઢાલ કરી દે.

બળવું જ લખાયું છે જો આ જીવને સદા,
કોઈ સાવ સૂની રાહની મશાલ કરી દે.

◆

એય કહેવાયું નહીં થોડું મળ્યું,
કટકે કટકે એમ કૈં મોડું મળ્યું.

સુખ મળે જે કાંઈ હોમાઈ જતું,
મન ગજાની બ્હારનું ચોડું મળ્યું.

થઈ ગયું જે વ્હેણ છીછરું આંખમાં,
કાળજે ધસમસમતું માથોડું મળ્યું.

રાહ જોતા હોય છે તકની ફક્ત,
સૌ ઝનૂની હાથમાં રોડું મળ્યું.

આગ નકરી આગના ભીતર ચરૂ,
બ્હારથી આ શ્હેર ટાઢોડું મળ્યું.

◆

જામમાં એવું શું ભરે મિત્રો?
સાંજ પડતાં જ સાંભરે મિત્રો.

કોઈ પણ ક્યાં હવે છે સગપણમાં?
માત્ર એકાંત છે ઘરે મિત્રો.

શબ્દના ઘા નથી જ રૂઝાતા,
તોય કાં વ્યર્થ કરગરે મિત્રો.

લાગણીઓ ધરાઈ મૃગજળથી,
કોણ અહિયા નવા કરે મિત્રો.

આંસુઓથી નથી બુઝાવાની,
આગ લાગી છે ડુંગરે મિત્રો.

સાવ ખંડેર હૃદય થૈ ચાલ્યું,
કોણ ડોકાય ભીતરે મિત્રો.

◆

કોઈના ઇન્તિઝારે જીવવાનું,
દીવા જેવું મઝારે જીવવાનું,

એ પળનું નામ જુદાઈ છે મિત્રો,
ગજાથી પણ વધારે જીવવાનું.

ઉધઈના રાફડા આખા શરીરે,
મૂકી દે મન, વિચારે જીવવાનું.

કશું પણ પરવડે નહીં હુંય પણ નહીં,
કોઈ એવા ધખારે જીવવાનું.

હું કોઈ વાયકા જેવું ભટકતો,
ગઝલની જેમ તારે જીવવાનું.

બતાવી રાખ તેં લઈ જઈ સ્મશાને,
મળ્યું મિસ્કીન જ્યારે જીવવાનું.

◆

જોઈ શકે તો હરપળે કૈં જબરા મોડ છે,
પ્રત્યેક શ્વાસ જાણે જીવનનો નિચોડ છે.

પાગલ ગણે છે લોક ઉછેરું છું જોઈને,
આંગણમાં એક વાવેલો શ્રદ્ધાનો છોડ છે.

ચાલ્યા કરે છે તોડ-જોડ એટલે સતત,
સામાન્ય અહીં કોઈ નથી સૌ અજોડ છે.

ભાંગ્યું હજાર વાર ભલે પણ ભરૂચ છે,
અય દોસ્ત! કાળજામાં હજુ એ જ કોડ છે.

ઝરણામાં, ફૂલમાં, આ કણેકણમાં ઓળખું,
જાણું છું એના અક્ષરો - કેવા મરોડ છે?

જોયા વિનાય ઝંખના સાચી દિશા તરફ,
મિસ્કીન જીવન જાણે આ ઝરણાની દોડ છે.

◆

એકેક પળ જુદાઈમાં એવી પસાર થાય,
લાગે કે કૈંક સદીઓ પછીથી સવાર થાય.

ચાલો હવે આ જાતને સળગાવીએ મિત્રો,
કે કોઈ પણ પ્રકારે દૂર અંધકાર થાય.

ક્યારેક કલાકો સુધી હું રણઝણ્યા કરું,
એ સ્પર્શ છે કોનો? જે હજુ પણ સિતાર થાય.

આનંદી કાગડાનો જીવ લે છે સાચવી,
પીડા તો એ જ જુગ જૂની છે બેસુમાર થાય.

મિસ્કીન મસ્તી હોય છે એકાંતનીય પણ,
બેઠા જ્યાં હોઈએ ત્યાં પછીથી બજાર થાય.

◆

વ્હેંચતો હું રંગ રંગાયા વગર,
આભ વરસે રોજ ભીંજાયા વગર.

દૂર થાતો એમ સૌની આંખથી,
કોઈ કાગળ જાય વંચાયા વગર.

ક્યાંય દેખાતી નથી મન લાગણી,
ચાલ રડીએ આજ સંતાયા વગર.

એ જ કોરી ખાય છે એકાંતમાં,
રહી ગયા જે શબ્દ બોલાયા વગર.

એ જ તોરણ સૌ વસંતો રોકતું,
જે ગયું સુકાઈ બંધાયા વગર

કોણ કોનું હોય છે મિસ્કીન પણ,
તોય ના જીવી શક્યા માયા વગર.

◆

બે રાતોની વચ્ચે જ્યારે દિવસ પડે એ ઘડપણ લાગે,
બે દિવસ વચ્ચે સપનાની રાત જડે એ બચપણ લાગે.

છુટ્ટા પડી ગયાનું જ્યારે સાવ નજીવું કારણ લાગે,
પછી જીવન વન નહીં પ્રાણને, આંખોને આ ભવરણ લાગે.

તમને પણ ક્યારેક હશે આવું જ થયું જે હરપળ મુજને,
પહેલીવહેલી વાર મળો પણ જન્મો જૂનું સગપણ લાગે.

હજુ ઘણીયે વાર સૂનું ઘર દીવાળીમાં ઝગમગ ઝગમગ,
આંખ મીચું તો ત્હેં પૂરી’તી રંગોળી એ આંગણ લાગે.

બધું જ ડોકાતું મ્હારામાં હું પણ ડોકાતો સૌનામાં,
કોણ હશે આંખોમાં ત્યારે? જે કંઈ જોઉં દર્પણ લાગે.

દ્વાર કોઈ ઠાલું વાસેલું મિસ્કીન કોઈ સૂના ઘરનું,
અને કાળજું શ્વાસ અડે ત્યાં સૂકું ખખડતું તોરણ લાગે.

◆

ઓગળે છે હવે એ ગલી લોહીમાં,
બેઉ કાંઠે ફૂલોની નદી લોહીમાં.

એક વહેલી સવારે તને જોઈ'તી,
એ જ અજવાળું વ્હેતું હજી લોહીમાં.

સાંજ જે એક પણ આપણી ના થઈ,
એજ બેસી ગઈ છે બધી લોહીમાં.

આંખમાં ઊતરી આભ વાંચ્યા કરે,
જે ગઝલ તું વિષે વણલખી લોહીમાં.

ડાળખી તેં અમસ્તી જ તોડી હતી,
વૃક્ષ થઈને હવે એ ઉગી લોહીમાં.

ટેરવેથી જરા કંપ કાચો અને,
પૂછ નહિ શું શું મિસ્કીન પછી લોહીમાં.

◆

કે ઝરણ પાતાળ તોડી નીકળે,
એમ મન મળવાને દોડી નીકળે.

હા હજુ મધરાતના ઝબકી જઈ,
એક ઇચ્છા દેહ છોડી નીકળે.

હોય જાણે કે બધુંયે કાચનું,
એમ સઘળું કોઈ ફોડી નીકળે.

એ હવસ ક્યાં છે? તરસ છે દોસ્તો,
એ સજી શણગાર થોડી નીકળે?

આંખ પણ મિસ્કીનજી ખાબોચિયું,
રાત પણ કાગળની હોડી નીકળે.

◆

ક્યાં જવું નક્કી નથી પણ ચાલ ભાગી છૂટીએ,
ક્યાં લાગી ઓઢીશું ખાલી ખાલ? ભાગી છૂટીએ.

આજ થોડાં કામ છે પણ કાલ ભાગી છૂટીએ,
જ્યાં મળી છુટ્ટી, થયું હરસાલ, ભાગી છૂટીએ.

કોણ છે જે ક્યાંયથી પણ ભાગવા દેતું નથી,
કોણ ઝંખે છે કે અબ્બીહાલ ભાગી છૂટીએ.

હો અમેરિકા કે અમદાવાદ, મન સરખાં બધાં,
થનગને છુટ્ટીમાં ઘરડાં-બાળ ભાગી છૂટીએ.

આભને જોતાં શીખી લે આભ તું થૈ જઈશ મન,
ના નહીં કહેવું પડે કે ચાલ ભાગી છૂટીએ.

◆